## સલામી સવારની..



સુપ્રભાતમ્
સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

ક્રિકેટના મેદાન પર ખેલાય છે ફતવો,
ગરબાની સંસ્કૃતિ પર ભેલાય છે ફતવો,
ફતવા બહાદુરોથી લજાય છે ગુજરાત -
મર્યાદાની ઓળંગે સીમા, વિલાય છે ફતવો...

હાઈકુ

ભટક્યા કરે,
લડત રણનીતિ,
ધ્યેય રણમાં..

ચડ્યું છાપે,
સ્ફોટક નિવેદને -
બાળ નેતાઓ..

### ચિંતન

**પંચાભિર્યાતિ દાસત્વં પુરાણૈઃ કો અપિ માનવઃ ।**
**કો અપિ લક્ષૈઃ કૃતિ કો અપિ લક્ષૈ રપિ ન લભ્યતે ॥**

'કોઈ માણસ માત્ર પાંચ રૂપિયામાં પણ 'નોકરપણું' સ્વીકારી લે છે તો વળી કોઈ માણસને લાખ રૂપિયા આપવા પડે છે અને કોઈ એવા નિષ્ણાત નિપુણ હોય છે કે એમને લાખો રૂપિયાની ઑફર આપવામાં આવે તો પણ તેમને મેળવી શકાતા નથી.'

માણસના સદ્ગુણ-આવડત-સ્વભાવ-સ્વમાનની કિંમત છે અને એને કારણે જ એનું માન-સન્માન થાય છે અને મૂલ્ય અંકાય છે. જેમાં જીવ અને પેટ ભરવા સિવાય બીજી કોઈ આવડત કે માન-સન્માન નથી એવી વ્યક્તિ માત્ર 'પેટ ભરવા' માટે ગમે તેવું હલકું કામ પણ સ્વીકારી લઈ પોતાનું વજૂદ 'પાંચ રૂપિયા' માં વેંચી નાખે છે.

જયારે કોઈ વિષય નિષ્ણાત-અનુભવી માણસ પોતાની આવડત વિશે સભાન હોય એ પોતાનું મૂલ્ય સમજી જુદી-જુદી કંપનીઓમાં નોકરી કરી પોતાની અને કામની કિંમત વસૂલ કરે છે.

પરંતુ કેટલાક સ્વમાની, બુદ્ધિમાન, પંડિતો કોઈ પણ ભોગે પોતાનું સ્વાતંત્ર્ય-સ્વમાન વેંચતા નથી અને લાખો રૂપિયાની ઑફર કરવા છતાં એ કોઈનું દાસપણું સ્વીકારતાં નથી.

### સુવિચાર

- 'આસ્તિક' એટલે એવો જણ જેને કુદરતના બનાવેલા અસ્તિત્વનાં નિયમોમાં અખૂટ શ્રદ્ધા છે, એ ફરિયાદ નથી કરતો અને એ સતત 'સ્વ'ને સમજવાનો પ્રયત્ન કરે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- જાતમાં ભૂસકો મારવો માટે.. ધોધ થવું પડે છે પાણીને... - **રાજેશ વ્યાસ**
- આપણે એક કરતા વધારે કેન્દ્રોમાં વહેંચાયેલા છીએ.. બુદ્ધિને ગમેલું હૃદયને ન પણ ગમે - **ગુર્જીએફ**
- જેની પાસે 'શા માટે જીવવું?' એ પ્રશ્નનો જવાબ હશે એ વ્યક્તિ જીવનમાં આવતી કઠીન સમસ્યાઓ પણ સહન કરી શકશે - **એસ. ભટ્ટાચાર્ય**
- સફળતા એટલે અનુકૂળ સંજોગોને કારણે મળે એ નહીં, સફળતા એટલે સંજોગો પ્રતિકૂળ હોવા છતાં પણ જે મળે તે - **અભિનવ બિન્દ્રા**

(સંકલન : દીપક વી. આસરા)

### બોધકથા

આજ તો ખાખી કપડાં પહેર્યાં હોય તો કોઈ પણ 'લારી' પર મફતનો પરવાનો જ મળી ગયો એમ સ્વીકારી લેવાનું અને મોટા મીર મારવાના હોય તો 'અમારે ઉપર સુધી સાચવવાનો હોય છે.' નું વેદ વાક્ય તો ચલણમાં છે જ...

બાદશાહ નૌસેરવાં કાફલા સાથે નિકળ્યા હતા. રાત્રી પડાવ થયો. રસોડામાંથી ખબર આવ્યા રસાલામાં 'મીઠું' જ ભૂલાઈ ગયું છે. સૈનિક ઘોડા પર ગામમાં જવાની તૈયારી કરતો હતો ત્યાં રાજાએ પૂછ્યું, નમક ખરીદવાના પૈસા ખજાનચી પાસેથી લીધા?

સૈનિક કહે, નામદાર, આપનું નામ કાફી છે, એક ગુમ નમક તો મફતમાં મળી જશે!


બાદશાહનાં ભવાં ખેંચાયાં... કહ્યું, મારે નામે મારા અમલદારો મફતમાં ચરી ખાય એ મને જરા પણ મંજૂર નથી. સાદા પહેરવેશમાં જા અને કોઈ પણ જાતનો પરિચય આપ્યા વિના બજારમાંથી નમક લાવ.'

## પાટનગરમાં હત્યાકાંડ : પોલીસ સામે પડકાર

વિદ્યાનગરી ગાંધીનગરમાં કડી સર્વ વિશ્વ વિદ્યાલયના સ્ટાફ ક્વાર્ટરમાં ઘૂસી જઈ ફાર્મસી કૉલેજના વરિષ્ઠ પ્રોફેસરની ક્રૂર હત્યા કરનારાં પાશવી તત્ત્વોનું પગેરું મેળવવામાં પોલીસને મળી રહેલી નિષ્ફળતા એટલી જ ચિંતાજનક છે જેટલી દાદરી ઘટનાને કારણએ સરજાયેલી અસલામતીની ભાવના. સમાજને પીંખી નાખનારાં પિશાચી તત્ત્વો કયાં, કયારે, કોની સાથે હિસાબ પતાવી દેશે એની આગાહી કરવી અઘરી છે. હત્યાનું કારણ અંગત અદાવત હોય તો પણ સુસંસ્કૃત સમાજ સામે એ લાલબત્તી સમાન છે. ગુજરાતના પાટનગરમાં પ્રતિષ્ઠિત વિદ્યાસંસ્થાનું પરિસર પણ સલામત ન હોય તો જાહેર રસ્તાઓ, બસ સ્ટેશનો, રેલવે સ્ટેશનો કે તહેવારોની મોસમમાં ધમધમતી બજારો અને મંદિરો-પૂજા સ્થાનોની સલામતીની આશા રાખી જ કેવી રીતે શકાય ? પાટનગર પોલીસ આતંકવાદીઓનાં એન્કાઉન્ટર કરવાનો વિક્રમ સરજી શકે છે પણ શહેરના પ્રતિષ્ઠિત ડૉકટરની ધર્મપત્નીની ધોળે દિવસે હત્યા થાય છે એનું પગેરું દોઢ-બે વરસ પછી પણ નથી મેળવી શકતી. એવો જ આ બીજો કિસ્સો વરિષ્ઠ નાગરિક અને પ્રતિષ્ઠિત વિદ્યાપુરુષની કરપીણ હત્યાનો બન્યો છે, જેનું પગેરું મેળવવામાં પોલીસ અને એમની ડૉગ સ્કવોડ ગોથાં ખાઈ રહી છે. ગાંધીનગર મેટ્રોપોલિયન કલ્ચર ભણી અગ્રેસર થઈ રહેલું પાટનગર છે. ઓછા પ્રદૂષણને લીધે અહીં પ્રબુદ્ધ અને સમૃદ્ધ નાગરિકો એમની વૃદ્ધાવસ્થા વિતાવવાનું પસંદ કરે છે તો વળી વિદ્યાક્ષેત્રે કાઠું કાઢ્યા પછી અહીં દેશભરમાંથી અસંખ્ય વિદ્યાપિપાસુઓ ખેંચાઈ આવે છે. ઉચ્ચ શિક્ષણ માટે જરુરી તજજ્ઞ ફેકલ્ટી તરીકે પણ જેમની કરપીણ હત્યા થઈ એવા વિષય નિષ્ણાતો અહીં સેવાઓ આપવા હોંશે હોંશે દોડી આવે છે. ગુજરાતની છાપ દેશમાં બાકીનાં રાજયોની સરખામણીમાં શાંત, અહિંસક અને સલામત પ્રદેશની રહી છે. અહીં રાજધાની દિલ્હી જેવી અરાજકતા નથી. અહીં છાશવારે ગેંગરેપ કે ગોળીબારની ઘટનાઓ બનતી નથી. કોમી હિંસાના ગોધરા-અનુ ગોધરા કાંડ જેવા અપવાદરુપ કમનસીબ બનાવ પછી પણ દેશ અને દુનિયામાં ગુજરાતની શાખ ઘટી નથી. ત્યારે પાટનગરમાં જ ઠંડા કલેજે હત્યાકાંડની ઘટના બને અને તે પણ સર્વવિદ્યાલય પરિસર જેવા સંપૂર્ણ પણે સુરક્ષિત વિસ્તારમાં, તે સાચે જ ચિંતાની બાબત ગણાવી જોઈએ. પાટનગરની પોલીસ ફક્ત વીઆઈપી સુરક્ષાની ડ્યૂટીમાં જ પરોવાયેલી રહે અને પ્રજાજનોને ભગવાન ભરોસે છોડી દેવામાં આવે તે ચલાવી લઈ શકાય નહીં. દરેક નાગરિકોને રાજય પાસેથી સુરક્ષાની ખાતરી મળે તો જ બંધારણે બક્ષેલા મૂળભૂત અધિકારોનું પાલન થયું લેખાશે. પાટનગર પોલીસે આ મુદ્દે વધુ સજાગ બનવાની જરુર છે. જે હત્યારો પાછળ કોઈ પણ પ્રકારનું સુરાગ મૂક્યા વગર કડી કેમ્પસમાંથી ફરાર થઈ ગયો તે કયારેક હજારો નિર્દોષ બાળકો માટે પણ ખતરો સરજી શકે. સર્વ વિદ્યાલયના વહીવટી મંડળે અને અન્ય વિદ્યાસંસ્થાઓએ પણ વધુ સજાગ બનવાની જરુર છે.

### તંત્રીસ્થાનેથી....

## સત્યના દેવતાની આરાધના



સ્કંદપુરાણના પ્રવક્તા કુમાર કાર્તિકેય છે. પુરાણોમાં આનો ક્રમ તેરમો છે. ૮૧૧૦૦ શ્લોક ધરાવતા આ પુરાણની રચના ઈ.સ. ની આઠમી સદીમાં થઈ છે. તેમાં સાત ખંડો છે. માહેશ્વર, વૈષ્ણવ, બ્રહ્મ, કાશી, રેવા, તાપી અને પ્રભાસ. રેવાખંડમાં મુખ્યત્વે નર્મદા નદીનું ઉત્પત્તિસ્થાન અને એને કાંઠે આવેલા તીર્થોનું વર્ણન છે.

આ રેવાખંડમાં સત્યનારાયણની વ્રતકથા પાંચ અધ્યાત્મોમાં છે. સત્ય નારાયણ વિષ્ણુનું સ્વરુપ છે. વિષ્ણુસહસ્ત્રનામમાં ક્રમ ૧૦૬માં સત્ય છે અને રમ્યમાં નારાયણ છે આ કથા વિષે એક ભ્રામક મત પ્રવર્તે છે કે બાદશાહ અકબરે દિને ઈલાહીના પ્રચાર માટે આની રચના કરાવી હતી. અને પછી પંડિતોએ આને હિંદુ પરંપરામાં ઢાળી દીધા હતી. પરંતુ આ કથા તો દિને હિલાહીથી સાતસો વર્ષ પૂર્વે રચાઈ ચૂકી છે. ત્યારે બંગાળમાં સત્યપીર છે. તે સત્યનારાયણનું સ્વરુપ છે. કાશ્મિરથી કન્યાકુમારી સુધી આ કથાનો મહિમા અપાર છે. કથાનું સ્વરુપ આ રીતનું છે.

***૧. અધ્યાય પહેલો : વર્ત કરવાની વિધિ - શ્લોક સંખ્યા - ૨૪***
***૨. અધ્યાય બીજો : દરિદ્ર બ્રાહ્મણ અને કઠિયારાની વાર્તા - શ્લોક સંખ્યા - ૨૭***
***૩. અધ્યાય ત્રીજો : સાધુ વાણિયાની વાર્તા - શ્લોક સંખ્યા : ૫૧***
***૪. અધ્યાય ચોથો : સાધુ વાણિયાની વાર્તા - શ્લોક સંખ્યા- ૪૪***
***૫. અધ્યાય પાંચમો : તુંગધ્વજ રાજાની વાર્તા - શ્લોક સંખ્યા - ૨૨***
***શ્લોક સંખ્યા કુલ - ૧૬૮***

કથા કરતાં મહત્ત્વનો કેટલો નૈતિક ઉપદેશ મહત્ત્વનો છે : (૧) સત્યના આ દેવતા પાસે સૌ કોઈ એક સમાન છે. પોતાનું મનોવાંછિત પ્રાપ્ત કરવું હોય, તો સૌ કોઈ એની આરાધના કરી શકે છે - રાજા હોય કે કઠિયારો, બ્રાહ્મણ હોય કે વણિક, પુરુષ હોય કે સ્ત્રી. (૨) કોઈ ને પણ વચન આપ્યું હોય તો પાળી બતાવવું, નહિતર એનાં પરિણામો માઠાં આવે છે. વિશ્વાસ તો વિશ્વનો શ્વાસ છે. એનો ભંગ ન થાય. એમાં પણ જો કોઈ સંકલ્પ દેવતા વિષયક હોય તો અવશ્ય પાળવો. એમાં વાયદાબાજી ન ચાલે. દેવઋણ, આચાર્ય ઋણ અને પિતુઋણ - એ ત્રણેયમાં દેવઋણ સરખો અને ગોવાળ પણ સરખો. પૂજા થતી હોય, એનો અનાદર ન થાય (૪) પૂજાનું એવું પ્રસાદનું. પ્રસાદનો અનાદર એ પાપ છે અને પ્રસાદનું શક્ય એટલું વધુ વિતરણ પુણ્ય છે. (૫) કોઈ પણ માણસ અજાણ્યો હોય, એને તુચ્છ ન સમજવો. પોતાન સંપત્તિના અભિમાનમાં એની તુચ્છતા દેખાડવા ખોટું ન બોલવું. 'ના જાને કિસ વેશમાં હરિ આ કર મિલ જાય.' (૬) બધી કથાઓનો સારાંશ માત્ર બે જ શબ્દો છે - સત્યની પ્રતિષ્ઠા. સત્ય છે એ જ નારાયણ - સ્વરુપ છે. આચરણમાં સત્યની પ્રતિષ્ઠા થઈ જાય તો જાણે કે નારાયણનાં પગલાં દેહમાં થઈ ગયાં!



અમર વારસો
ડૉ. રશ્મિકાન્ત મહેતા

ગુજરાતી કાવ્યનાં ક્ષેત્રમાં આને લગતો અદ્ભૂત પ્રયોગ થયો છે. કવિશ્રી મનહર 'દિલદાર' એ 'શ્રી સત્યાનારાયણ વ્રત કથા' (ગુજરાતી ગઝલમાં)ની રચના કરી. સરસપુર કૉલેજ - અમદાવાદમાં તા. ૩૦-૪-૧૯૭૮માં એનો પાઠ થયો. ૧૯૮૧માં એ કથા પુસ્તકરુપે પ્રકાશિત થઈ. સપ્ટેમ્બર ૨૦૦૩માં રન્નાદે પ્રકાશન દ્વારા આનું પુનઃપ્રકાશન થયું. આનું એક સરસ ઉદાહરણ -

**ડાહી માનો દીકરો આ સુધર્યો છે કે નહીં**
**માપ એના મનનું લેવા પાસ એ આવ્યાં નહીં**
**ને, પૂછ્યું તમ નાવડીમાં શું ભર્યું મુજને કહો**
**એમ ધારું છું ખરું બોલ્યા વિના તમ નહીં રહો.**
**મત્ત એવા વાણિયા હાંસી કરી આવું વદ્યા**
**શું અમારું ધન લઈ લેવા વિચાર્યું છે અલ્યા?**
**પણ અમારી નાવમાં તો પાંદડાંને ઘાસ છે**
**કેમ બાપુ એય લઈ લેવા તમારી આશ છે?**
**બે ઘડી નિર્દોષ હાંસી કાંઈ નડનારી નથી**
**ક્રૂર કો'ની પણ વધારે મશ્કરી સારી નથી**
**જૂઠું હડહડતું સૂણી દંડી તરત ક્રોધિત થયા**
**'સત્ય હોજે તુજ વચન' એવું કહી આઘા ગયા.**

**(અધ્યાય-૪ - પદ્ય ૨, ૩, ૪)**

આપણા મનોવાંછિત માટે આપણે સત્યનારાયણની પૂજા અવશ્ય કરીએ; પરંતુ આપણાં વિચાર, વાણી અને પતને સત્યની નજીક રહે - એવો પ્રયત્ન પણ અવશ્ય કરીએ. એમાં આ વ્રતની સાર્થકતા છે.

## સૌ પ્રથમ રાશિ-નક્ષત્ર વાળા સિક્કા કોણે બહાર પાડ્યા હતા?

### ગુજરાતનો ઇતિહાસ

(૧) સ્વામી દયાનંદ સરસ્વતીએ કયા પુસ્તક દ્વારા ભારતમાં ક્રાંતિ ફેલાવી હતી?
(અ) સત્યાર્થ પ્રકાશ (બ) સત્યાન્વેષણ
(ક) સત્ય માર્ગ (ડ) સત્કર્મ પ્રકાશ

(૨) અકબરના સમયમાં ગુજરાતમાં કઈ સંવત શરુ થઈ હતી?
(અ) વિક્રમ સંવત (બ) અકબરી સંવત
(ક) ઈલાહી સંવત (ડ) પારસી સંવત

(૩) સૌ પ્રથમ રાશિ-નક્ષત્ર વાળા સિક્કા કોણે બહાર પાડ્યા હતા?
(અ) સિદ્ધરાજે (બ) અકબરે
(ક) વિસલ દેવે (ડ) જહાંગીરે

(૪) ધોળકા શહેરની સ્થાપના કોણે કરી હતી?
(અ) લવણ પ્રસાદ વાઘેલાએ (બ) વિસલ દેવે
(ક) વનરાજ ચાવડાએ (ડ) મૂળરાજ બીજાએ

(૫) મહમંદ ઘોરીએ ગુજરાત પર આક્રમણ કર્યું ત્યારે ગુજરાતનો શાસક કોણ હતો?
(અ) કરણદેવ વાઘેલા (બ) મૂળરાજ બીજો
(ક) સિદ્ધરાજ જયસિંહ (ડ) રા'ખેંગાર

(૬) ગુજરાતમાં સ્વતંત્ર મુસ્લિમ શાસનની શરુઆત કયારથી થઈ?
(અ) ઈ.સ. ૧૪૦૭ (બ) ઈ.સ. ૧૫૭૨
(ક) ઈ.સ. ૧૦૨૬ (ડ) ઈ.સ. ૧૬૬૪

(૭) સલ્તનત યુગમાં ગુજરાતનું સૌથી સમૃદ્ધ બંદર કયું હતું?
(અ) વેરાવળ (બ) દ્વારકા
(ક) ઓખા (ડ) ખંભાત

(૮) મોતી મસ્જિદ કોણે બનાવી હતી?
(અ) અબુલ ફઝલે (બ) મહંમદ બેગડાએ
(ક) અહમદ શાહે (ડ) જહાંગીરે

(૯) આરઝી હકૂમતનું નેતૃત્વ કોણે કર્યું હતું?
(અ) બળવંતરાય મહેતા (બ) ડૉ. જીવરાજ મહેતા
(ક) રતુભાઈ અદાણી (ડ) ઠક્કરબાપા

(૧૦) 'વેદો તરફ પાછા વળો'નો નારો કોણે આપ્યો હતો?
(અ) સહજાનંદ સ્વામીએ (બ) રાજારામ મોહનરાયે
(ક) જયોતીબા ફૂલેએ (ડ) દયાનંદ સરસ્વતીએ

(૧૧) મહેમદાબાદનો જાણીતો 'ભમ્મરીયો કૂવો' કોણે બંધાવ્યો હતો?
(અ) મહંમદ બેગડાએ (બ) રા'માંડલિકે
(ક) મુઝફ્ફર શાહ બીજાએ (ડ) ઔરંગઝેબે

(૧૨) ગુજરાતમાં સલ્તનકાળનો ઈતિહાસ કયાં ગ્રંથમાંથી મળે છે?
(અ) આયને અકબરી (બ) મિરાતે અહમદી
(ક) હર્ષ ચરિત્ર (ડ) સિદ્ધહેમ

(૧૩) મૈત્રક કુળના ભર્ટાકનું પાટનગર કયું હતું?
(અ) વલ્લભીપુર (બ) બોટાદ
(ક) ભાવનગર (ડ) માંડવી

(૧૪) રુદ્દ્રામા અને સ્કંદગુપ્તના શિલાલેખો કઈ ભાષામાં છે છે?
(અ) અરબી (બ) હિન્દી
(ક) સંસ્કૃત (ડ) પર્શિયન

(૧૫) ગુર્જર દેશનાં નીચેનામાંથી કયા વિસ્તારનો સમાવેશ થયો ન હતો?
(અ) આનર્ત (બ) સૌરાષ્ટ્ર
(ક) લાટ (ડ) દક્ષિણ ગુજરાતનો વિસ્તાર



ખજાનો
અનિલ પટેલ

### વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા વિશ્વના વૈજ્ઞાનિકોના જન્મદિવસ**

- ૯ ઑક્ટોબર ૧૮૭૩ કાર્લ ક્વૉર્ઝચિલ્ડ : જર્મન ખગોળશાસ્ત્રી તારાઓના માપ માટેની ફોટોગ્રાફી ટેકનિક વિકસાવનાર
- ૯ ઑક્ટોબર ૧૮૫૨ એમિલ ફિચર : જર્મન કેમીસ્ટ, ૧૯૦૨માં સુગર અને પ્યુરીન ગ્રુપના વિશેષ સંશોધન માટે નોબેલ પારિતોષિક મળ્યું હતું.
- ૧૦ ઑક્ટોબર ૧૮૬૧ ફ્રિડઝોફ નેશન્સ : નોર્વેના પર્યાવરણવિદ તથા સમુદ્રશાસ્ત્રી. ૧૯૨૨માં નોબલ પારિતોષિક વિજેતા
- ૧૦ ઑક્ટોબર ૧૮૧૭ વિસ્ટોફસ બાલોટ : ડચ દેશના હવામાનશાસ્ત્રી હતા. તેજ હવાના દબાણ અને પ્રવાહ પર સંશોધન કરનાર
- ૧૧ ઑક્ટોબર ૧૮૮૧ લેવીસ ફાય ચિચર્સન : બ્રિટીશ ભૌતિકશાસ્ત્રી, હવામાન વિષય અનુમાનો કરનાર
- ૧૧ ઑક્ટોબર ૧૮૭૧ હેરીટ એન બોયડ હાવેસ : અમેરીકન મહિલા આર્કિયોલોજીસ્ટ
- ૧૨ ઑક્ટોબર ૧૮૬૦ એલમર સ્પેરી : અમેરીકન એન્જીનીયર, ૧૮૯૦માં 'ગાયરોકમ્પાસ'ના શોધક
- ૧૨ ઑક્ટોબર ૧૮૧૨ આસ્કેનીયો સોબ્રેરો : ઈટાલીયન કેમીસ્ટ, ૧૮૪૭માં 'નાઈટ્રોગ્લીસરીન' નામનું 'એક્ષપ્લોજીવ' રસાયણ બનાવનાર
- ૧૩ ઑક્ટોબર ૧૮૨૧ રૂડોલ્ફ વિર્ચોવ : જર્મન પેથોલોજીસ્ટ. 'સેલ્યુલર પેથોલોજી' નો ખ્યાલ આપનાર
- ૧૩ ઑક્ટોબર ૧૮૨૦ સર જહોન વિલિયમ ડાયનસ : કેનેડિયન જીઓલોજીસ્ટ, કેનેડિયન જુઓલોજીના સંદર્ભમાં સંશોધન કરનાર
- ૧૪ ઑક્ટોબર ૧૯૦૮ જયોર્જ હારોલ્ડ બ્રાઉન : અમેરીકન ઈલેક્ટ્રીકલ એન્જી., 'રેડિયો થર્મિક' ના સ્થાપક
- ૧૪ ઑક્ટોબર ૧૯૦૦ ડબલ્યુ. એડવર્ડસ ડેમીંગ : અમેરીકન આંકડાશાસ્ત્રી. ફાધર ઓફ ટોટલ ક્વૉલિટી મેનેજમેન્ટ.
- ૧૫ ઑક્ટોબર ૧૯૧૦ ટોર્બઝન કેપરશન : સ્વીડનના વતનની અને 'કાપટોલોજીસ્ટ' અને જનીનશાસ્ત્રી
- ૧૫ ઑક્ટોબર ૧૯૦૯ જેસી. એલ. ગ્રીનસ્ટેઈન : અમેરીકન ખગોળશાસ્ત્રી

### ગત સપ્તાહના સવાલનો જવાબ

**સવાલ : અમેરિકામાં આવેલી સિલિકોન વેલી કયા શહેરમાં આવેલી છે?**

**જવાબ : સાન ફ્રાન્સિસ્કો (કેલીફોર્નિયા સ્ટેટ)**

### સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) નટુભાઈ દરજી : પેથાપુર
(૨) ઋજિત રાવલ : સે-૭ડી, ૧૨૨૨/૨
(૩) મૂળજીભાઈ પરમાર 'દધિ' - સે-૭
(૪) ધાર્મિક એસ. પટેલ : ૩, ધોળેશ્વર પાસે, ગાયત્રી સોસા.
(૫) પંકજ આર. પ્રજાપતિ : ઉવારસદ
(૬) હાર્દિક આર. મકવાણા : સે-૨૪

### આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

**ગૌમાંસ હત્યા પ્રકરણમાં ઉ.પ્રદેશનું કયું સ્થળ રાજકારણનું કેન્દ્ર બન્યું છે?**

**'ગાંધીનગર સમાચાર' - ખજાનો વિભાગ**
**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

### સાચા જવાબો

(૧) અ (૨) ક (૩) ડ (૪) અ (૫) બ (૬) અ (૭) ડ (૮) બ (૯) ક (૧૦) ડ (૧૧) અ (૧૨) અ (૧૩) અ (૧૪) ક (૧૫) ડ

## સ્ટૂલ (Stool) એ પેથોલોજીમાં અઘરામાં અઘરું ઈન્વેસ્ટીગેશન છે

**Stool Examination** એટલે ઝાડાનું પરિક્ષણ, ડૉકટર જયારે **Stool Examination**નું કરવાનું કહે છે ત્યારે દર્દીના મોં ઉપર અણગમાના ભાવ ઉપસી આવે છે. તો લેબોરેટરીવાળાને શું થતું હશે? શંકરભાઈ લેબોરેટરીમાં આવી ને કહેવા લાગ્યા મારે ઝાડાની તપાસ કરાવવી છે. એમણે પુછ્યું કે **Stool Examination** નો શું ચાર્જ થાય. લેબોરેટરીવાળા ૧૫૦ રુપિયા આપો. ત્યારે શંકરભાઈએ આશ્ચર્યના ભાવ સાથે કહ્યું, ઝાડાના ટેસ્ટના ૧૫૦ રૂપિયા. લેબોરેટરીવાળાએ કહ્યું, મારા ઝાડાની સામે તમે જોવો તો હું ત્રણસો રૂપિયા આપું. આ તો મજાકની વાત છે. પણ અમારા બહુ સિનિયર અને વડીલ અને જેનું બહુ મોટું નામ છે જે (સ્વ. દામોદરદાસ બલર) ઉપરનું જે શંકરભાઈનું વાક્ય છે તે તેમની હાજરીમાં આજથી ૩૦ વર્ષ થયેલ પ્રસંગ છે. જે વખતે ૫૦ રૂા. લેતા હતા. સાહેબે ૧૦૦ રૂા. આપવાનું કહ્યું. ડૉ. બલર સાહેબ એટલે પેથોલોજી ક્ષેત્રની દીવાદાંડી. તે કહેતા કે સ્ટુલ **Stool** એ પેથોલોજીમાં અઘરામાં અઘરું ઈન્વેસ્ટીગેશન છે. તેમનાં શબ્દોમાં કહીએ તો બાયોપ્સી **(Biopsy)** કરતાં પણ સૌથી અઘરું **Stool Examination** છે. બાયોપ્સી **(Biopsy)** એટલે શું? માણસના શરીરમાંથી સર્જને નાનો ટુકડો કાપીને લીધો હોય અને જુદી રીતે પ્રોસેસ કરી એનો મીણમાં બ્લોક બનાવી પાતળા નાના સેક્સન કરી તેને સ્લાઈડ ઉપર લઈ સ્પેશિયલ સ્ટેઈનિંગ કરી **(Achistain)** અને માઈક્રોસ્કોપમાં જોવાથી નિદાન કરી શકાય છે,



તન દુરસ્તી
મહેન્દ્ર ગજ્જર
ડૉ. દિનેશ રાઠોડ

તેને કેન્સર છે, ટીબી છે, કેન્સર એટલે મેલીગ્નન્સી, ટીબી એટલે ટ્યુબર ક્લોસીસ અને **Normal Biospy** ને **Benine** કહેવાય છે. એના કરતાં પણ સ્ટુલ ટેસ્ટ વધારે અઘરું અને જટીલ છે. એવું કેમ? ઝાડા તપાસવા માટે પહેલા તો ઝાડાનો કલર કેવો છે. સામાન્ય રીતે બ્રાઉન કલર હોય છે. તે બધા જાણે છે. તો ચર્ચા શા માટે? ના, ભાઈ તેવું નથી. જો ઝાડાનો કલર કાળા કલરનો હોય તો મોટામાં મોટા નિદાન થઈ શકે છે. દા.ત. કાળો કલર હોય એનો મતલબ થાય કે આંતરડામાં કોઈ જગ્યા ઉપર અલ્સર છે એટલે (ચાંદી) છે કે તેમાંથી લોહી નીકળે છે અને ઝાડા સાથે ભવી અને ઝાડાનો કલર કાળો કરી નાખે છે. જેને સાદી ચાંદી પણ હોઈ શકે, આંતરડાનું કેન્સર પણ હોઈ શકે અને અલ્સરીટી કૉલારી નામનો રોગ પણ હોઈ શકે. ઝાડાનો કલર લાલ હોય તો ઝાડામાં લોહી જાય છે એવો અર્થ થાય. જેમાં માઈક્રોસ્કોપી કરતાં રક્તકણ દેખાય જે સાદુ પાઈલ્સ એટલે કે (મસા) હોઈ શકે, કેન્સર હોઈ શકે અને ઝાડાનો કલર સફેદ હોય તો જંતુનું ચેપ હોઈ શકે સાથે ન્યુક્સ હોઈ શકે જેને ન્યુક્સ કોલાઈટીસ કહે છે. નાના છોકરાઓમાં જો ખોરાક પચતો ન હોય અથવા માતાનું દૂધ અનુકૂળ ન આવતું હોય તો ઝાડો સફેદ આવી શકે છે. ઈરીટેબલ બોવાઈલ સિન્ડ્રોમ, ફોરફારીયા, ફોરફોબીલીનોઝન નામના રોગ હોઈ શકે. આમ ઝાડાના કલર પરથી ઘણું કહી શકાય. ઝાડો કેવો થાય છે. એટલે કે કઠણ થાય છે, લુઝ થાય છે કે લીકવીડ **(Liquid)** થાય છે. એના પરથી ઘણું કહી શકાય. સામાન્ય રીતે સેમી સોલીક બ્રાઉન કલરનો ઝાડો સામાન્ય રીતે તંદુરસ્ત માણસમાં આવતો હોય છે. કઠણ ઝાડો ખોરાક પચતો નથી એ ઈન ડાયરેક્ટ સજેશન કરે છે. **Liquid** (પ્રવાહી) ઝાડો ડાયેરીયામાં થતો હોય છે. જેમાં બેકટેરીયલ અથવા તો વાઈરલ ઈન્ફેકશન હોઈ શકે.

ઝાડાની સાથે ઘણી વખત અળશીયા જેવાં પેરેસાઈટ પણ નીકળતા હોય છે જે અળશીયા જેવા પેરેસાઈડ જોઈ ઘણા બધા નિદાન થઈ શકે છે. ઓકલ બ્લડ **(Occult Blood)** શું છે ? ઘણી વખત ઝાડો કાળો ન હોય તો પણ તેમાં **Occult Blood** હોય છે તે સૂચવે છે કે શરીરમાં મરડાનાં જંતુ હોઈ શકે. **Stool** ની **PH** પણ એટલી જ અગત્યની છે સામાન્ય રીતે ઝાડાની **PH** એસિડીક હોય છે પમ જો ૭ કરતાં વધારે એટલે કે આલ્કાઈન હોય કોઈક જંતુનો ચેપ હોઈ શકે છે. રમેશભાઈ દરજીને ઘણા વખતથી પેટ ભારે થઈ ગયું એવું જણાતું. ખાવાની ઈચ્છા નથી થતી પેટને જમણી બાજુ દબાવતા દુઃખાવો થતો હતો રમેશભાઈ મુંઝાયેલા હતા. કેટલાય દિવસથી કઈ પણ ખાવાની ઈચ્છા થતી નથી. મરી જવા જેવું લાગે છે શું કરવું ? કઈ ખબર પડતી નથી. રમેશભાઈનું **Stool Examination** કરતા ખબર પડી કે મરડાના ઈંડા **(E-Histolitika)** ના ઈંડા માઈક્રોસ્કોપમાં દેખાય, એમને મેટ્રોલજીલની દવાઓ કોર્ષ ડૉકટર દ્વારા આપવામાં આવ્યો અને રમેશભાઈ પાંચ દિવસ પછી સુંદર જીવન જીવવા લાગ્યા. ઝાડાની માઈક્રોસ્કોપી કરતા **(Tropozoite, Ove, Cysts, Puscells, RBCS, Macrophages, Epithelial cells, Vagetable cells, Starch granules** અને **Fat Droplets** જોવા મળે છે. **Starch** અને **Fat** એ પાચન શક્તિ બરાબર કામ નથી કરતી એ સાબિત કરે છે. ઝાડા કેવી રીતે લેવો. એક ચોખ્ખી બોટલમાં બને તો શક્ય હોય તો સીધો ઝાડો લેવો. પેટની તકલીફો માટે ઝાડે એ અગત્યનું માધ્યમ છે. ઘણી વખત જરુર પડે તો ત્રણ દિવસ સતત ઝાડાનો સવારનો ટેસ્ટ કરવાથી સાચુ નિદાન થાય. સૂરજભાઈને પેટની તકલીપો બહુ જ હતી. ઝાડાનો ટેસ્ટ કરાવ્યો ત્યારે રીપોર્ટ નોર્મલ હતો. તેમને બીજા બે દિવસ ફરી તપાસ માટે ઝાડો લાવવાનું કહ્યું, તે પછી તેમને થયું આવું કેમ કહ્યું. બ્પછી ત્રીજા દિવસે તપાસતા જોયું કે મરડાના જંતુ તેમના ઝાડામાં આવ્યા. ઝાડામાં ઘણી વખત હુકર્વોમ, રાઉન્ડ વોર્મના ઈંડા પકડવાં ઘણા જ અઘરાં હોય છે. ફીકલ મટીરીયલ અને લ્યુક્સ વચ્ચે પડેલા જંતુ પેરેસાઈટના ઈંડા શોધવા ખુબ જ અઘરાં હોય છે. હજુ ઘણા બધા નિદાન ઝાડામાંથી થઈ શકે છે... ફરી કોઈ વાર ચર્ચા કરીશું.